નં. સીબી / પ્ર.સ.પ્ર./ બી.ખે. /પ્રિમીયમ / વસ્ત્રાલ / સર્વે નં. / બ્લોક નં. / ૫૪ / એસ.આર.૪૦૮/૨૦૧૭

જિલ્લા કલેકટર કચેરી(ચિટનીશ શાખા)
સુભાષબ્રિજ પાસે, અમદાવાદ.
તા. ૧૨/૧૧/૨૦૧૮

<u>વંચાણમાં લીધું :-</u>

(૧) અરજદારશ્રી **નબીનભાઇ નટવરલાલ વિગેરે, રહે.૨૩-બી, શિવસંકલ્પ સોસા., નારણપુરા ચાર રસ્તા, નારણપુરા,અમદાવાદની** ગ.ધા.ક.૪૩ અન્વયે **બિનખેતી રહેણાંક** હેતુ માટે સારૂ શરતફેર કરવાની તા. **૧૭/૦૭/૨૦૧૭** ની નિયત નમૂનાની અરજી

(૨) મામલતદારશ્રી **વટવા** ના પત્ર નં.સીટી/વટવા/જમીન/બિ.ખે.પ્રિ./વસ્ત્રાલ/એસ.આર.૩૧/૨૦૧૭,તા. ૨૬/૦૯/૧૭ ની દરખાસ્ત

(૩) સીટી ડેપ્યુટી કલેકટરશ્રી,**(ઇસ્ટ),** પ્રાંત ના પત્ર નં. જમીન / પ્રિમીયમ / વસ્ત્રાલ / એસ.આર.૧૪/૨૦૧૮, તા. ૨૯/૦૧/૨૦૧૮ ની દરખાસ્ત

(૪) મામલતદાર અને કૃષિપંચશ્રી **વટવા,** ના પત્ર નં. સીટી / વટવા /જમીન /પ્રિમિયમ/ એસ.આર. ૫૫ /૨૦૧૭, તા. ૨૬/૦૯/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય

(૫) લીગલ શાખામાં પત્ર નં. એલબી / અપીલ / EWMS No. વસ્ત્રાલ / ૫૪/૧૭, તા. ૧૧/૦૯/૧૭ થી આપેલ અભિપ્રાય.

(૬) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદના પત્ર નં. એલ.એક્યુ / એન.એ./ અભિપ્રાય / ૧૧૭૯/૧૭, તા. ૦૭/૦૭/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૭) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદના પત્ર નં. એલએક્યુ / બિ.ખે. / અભિપ્રાય / એસ.આર. ૨૦૮૫/૨૦૧૭, તા. ૦૮/૦૮/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૮) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શ.જ.ટો.મ., અમદાવાદ ના પત્ર નં. યુ.એલ.સી. / વસ્ત્રાલ / પ્રિમીયમ / એસ.આર. ૩૪૦ / ૨૦૧૭, તા. ૦૭/૦૭/૨૦૧૭ થી આપેલ અભિપ્રાય.

(૯) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતના અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૪૩ ની જોગવાઇઓ તથા મુંબઈ ગણોત વહીહટ અને ખેતીની જમીન નિયમો-૧૯૫૬ ના નિયમ-૨૫(સી) ની જોગવાઇઓ.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૦૪/૦૭/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક: નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ-પાર્ટ-૨ તથા તા.૦૩/૦૫/૧૧ના ઠરાવની જોગવાઇઓ તથા તા. ૦૫/૦૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : ગણત/ ૧૦૦૮/ ૪૭૪ /ઝ.

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ક્રમાંક નં. ગણત/૧૧૧૮/૪૩૦/ઝ

(૧૨) અત્રેની કચેરીના પત્ર નં. સીબી /પ્ર.સ.પ્ર. / બી. ખે. / પ્રિમીયમ /વસ્ત્રાલ/એસ.આર. ૪૦૮/૨૦૧૭, તા. ૧૫/૦૬/૨૦૧૮ આપેલ ઇન્ટીમેશન પત્ર

(૧૩) અત્રેની કચેરીના પત્ર નં. સીબી/પ્ર.સ.પ્ર./મુદત વધારો/ વસ્ત્રાલ/ એસ.આર નં. ૪૦૮/૨૦૧૭, તા. ૦૪/૦૮/૨૦૧૮ના મુદત વધારો

(૧૪) મામલતદારશ્રી **વટવા,** ના પત્ર નં. સીટી / વટવા /જમીન / પ્રિમીયમ રીપોર્ટ / વસ્ત્રાલ / વશી- ૪૮૬ /૨૦૧૮, તા. ૨૨/૧૦/૨૦૧૮ થી નિયત પ્રિમીયમની રકમ સરકારશ્રીમાં જમા થયા અંગેનો રીપોર્ટ.

<u>હુકમ :-</u>

**આમુખ-(૧)** માં જણાવેલ અરજીથી **અરજદારશ્રી નબીનભાઇ નટવરલાલ વિગેરે વિગેરે, એ મોજે : વસ્ત્રાલ**, તા. **વટવા, સર્વે/ બ્લોક નં. ૫૪, ટી.પી. ૧૧૭, એફ.પી.૨૯/૧,૨૯/૨ ની ક્ષે. ૧૯૬૬૮ ચો.મી.** પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનની **બિનખેતી રહેણાંક** હેતુ માટે સારૂ શરતફેરની પરવાનગી મળવા માંગણી કરેલ છે.

Scanned by CamScanner

**આમુખ-(૨)** થી મામલતદારશ્રીએ તથા **આમુખ- (૩)** થી નાયબ કલેક્ટરશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે. જે મુજબ આ જમીન હાલના કબજેદાર વારસાઇ હકકથી ધારણ કરે છે, આ જમીન સ્થળે ખુલ્લી છે, બિનખેતીનું કૃત્ય કરાયેલ નથી તથા કોઈ શરતભંગ થયેલ નથી. તેમજ આ જમીનનું ટાઈટલ કલીયર હોવાનું જણાય છે.

**આમુખ-(૪)** થી મામલતદાર અને કૃષિપંચશ્રીએ આ જમીન શરતફેર કરવા સારૂ ગણોતધારા અંતર્ગત વાંધા સરખું નથી તેનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

**આમુખ-(૫)** થી લીગલ શાખાએ આ જમીન બાબતે કોઇ અપીલ / રીવીઝન અરજી પેન્ડીંગ નથી તેમ જણાવેલ છે.

**આમુખ-(૬) તથા આમુખ-(૭)** થી સંપાદન અધિકારીશ્રીઓએ જણાવ્યા મુજબ આ જમીન અંગે હાલમાં સંપાદન અંગેની કોઇ કાર્યવાહી ચાલુમાં નથી કે આ જમીન હાલમાં સંપાદન હેઠળ નથી તેવો અભિપ્રાય આપલે છે.

**આમુખ – (૮)** થી સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી શ.જ.ટો.મ. અમદાવાદનાએ આપેલ અભિપ્રાય મુજબ રાજયમાંથી તા. ૩૦ / ૦૩ / ૧૯૯૯ ના રોજથી શહેરી જમીન ટોચ મર્યાદા ધારો – ૧૯૭૬ રદ કરી રીપીલ એકટ -૧૯૯૯ ની જોગવાઈઓ લાગુ કરવામાં આવેલ છે અને કાયદો રદ થતાં તૈયાર કરવામાં આવેલ કબજો લીધેલ ફાજલ જમીનોની યાદીમાં પ્રશ્નવાળી જમીનનો સમાવેશ થતો ન હોઈ, પ્રિમીયમ નક્કી કરવામાં આવે તો યુ.એલ.સી. કાયદા અંતર્ગત વાંધા સરખું નથી તેવો હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ઉપરોક્ત વિગતોએ અરજદારશ્રીની માંગણી મુજબ **<u>એપેન્ડીક્ષ-એ</u>** માં દર્શાવેલ જમીનનું **બિનખેતી રહેણાંક**ના હેતુ માટે શરતફેર કરવા હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ હોવાથી **આમુખ-(૯)** માં દર્શાવેલ ગણોતધારાની જોગવાઈઓ તથા **આમુખ-(૧૦) તથા (૧૧)** માં દર્શાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ/૧૦૨૦૦૬/૫૭૧/ઝ, (પાર્ટ-૨), તા. ૪/૭/૨૦૦૮ તથા ૩/૫/૨૦૧૧ તથા ૫/૧/૨૦૧૦ ની જોગવાઇ તથા જંત્રી આધારીત, જંત્રીની કિંમત ધ્યાને લઇ પ્રિમીયમને રકમ વસુલ કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. જે પ્રિમીયમની રકમ નિયત સમય-મર્યાદામાં સરકારશ્રીમાં જમા કરાવવા અંગે **આમુખ-(૧૨) તથા (૧૩)** માં દર્શાવેલ પત્રથી અરજદારશ્રીને જણાવેલ છે, **<u>એપેન્ડીક્ષ-બી</u>** માં દર્શાવ્યા મુજબ પ્રિમીયમની રકમ સરકારશ્રીમાં જમા થવા અંગે **આમુખ-(૧૪)** માં દર્શાવેલ પત્રથી સમર્થન આપેલ છે.

**<u>એપેન્ડીક્ષ-એ ( જમીનની વિગત)</u>**

| ગામ/ તાલુકો | સર્વે નં. / બ્લોક નં. | ટી.પી. નં. | ફાયનલ પ્લોટ નં. | ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|---|
| વસ્ત્રાલ તા. વટવા | ૫૪ | ૧૧૭ | ૨૯/૧, ૨૯/૨ | ૧૯૬૬૮ ચો.મી. | બિનખેતી રહેણાંક |

**<u>એપેન્ડીક્ષ-બી (પ્રિમીયમની વિગત )</u>**

| ક્ષેત્રફળ | હાલના જંત્રીનો દર | કુલ મુલ્યાંકન | પ્રિમીયમનો દર ટકામાં | વસુલ કરવા પાત્ર રકમ | પહોંચ નં. તથા તારીખ | ચલણ તથા તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૬૮ ચો.મી. | રૂા. ૮૨૫૦/- | રૂા. ૧૬,૨૨,૬૧,૦૦૦/- | ૪૦% | રૂા.૬,૪૯,૦૪,૪૦૦/- | ૧૧૮ ૧૫/૧૦/૧૮ | ૧૫, ૦૯/૧૦/૧૮ ૧૬,૧૭,૧૮ ૦૬/૧૦/૧૮ |

**<u>એપેન્ડીક્ષ-એ</u>** માં દર્શાવેલ જમીન સ્થળે ખુલ્લી છે તથા અત્રેથી જણાવ્યા મુજબ પ્રિમીયમની રકમ અરજદારે **<u>એપેન્ડીક્ષ-બી</u>** માં દર્શાવ્યા મુજબ સરકારશ્રીમાં જમા કરાવેલ છે. તથા તે રકમ જમા થયા બાદ સંબંધિત તિજોરી અધિકારીશ્રી દ્રારા ખરાઇ થયેલ છે. જેથી **<u>એપેન્ડીક્ષ-એ</u>** માં દર્શાવેલ વિગતે અરજદારને બિનખેતી હેતુ માટે પ્રતિબંધિત સત્ત પ્રકારના નિયંત્રણોના હેતુ ફેર માટે ગણોતધારા તથા અન્ય કાયદાકીય જોગવાઈઓની શરતો ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધિન **બિનખેતી રહેણાંક** ના હેતુ માટે નિયંત્રણોમાંથી મુક્તિ આપવા આથી હુકમ કરવામાં આવે છે.

Scanned by CamScanner

નં. સીબી / પ્ર.સ.પ્ર./ બી.ખે. /પ્રિમીયમ / વસ્ત્રાલ / સર્વે નં. / બ્લોક નં. / ૫૪ / એસ.આર.૪૦૮/૨૦૧૭

**શરતો :-**

(૧) આ જમીનનો જે હેતુ માટે પ્રિમીયમ વસુલ લેવામાં આવેલ છે તે હેતુ સારૂ ઉપયોગ કરવાનો રહેશે. તેમજ નિર્દિષ્ટ હેતુ સિવાય અન્ય બિનખેતીનો ઉપયોગ અત્રેની પૂર્વ મંજૂરી સિવાય કરી શકાશે નહી

(૨) બિનખેતીના ઉપયોગ કરતાં પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ હેઠળ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવવા છ માસમાં અરજી કરી દેવાની રહેશે. તથા બિનખેતીનો દર, લોકલ ફંડ, વિગેરે પ્રચલિત દરો ભરવાના રહેશે. પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનની નિયંત્રણ મુક્તિના કિસ્સામાં મહેસૂલ વિભાગના પરિપત્ર નં. ગણોત/ ૩૨૨૦૦૭ /૫૭૭/ઝ, તા. ૧૭/૨/૧૨ ની સૂચનાઓ મુજબ ગણોત વહીવટ અને ખેતીની જમીનોના નિયમો-૧૯૬૫ ના નિયમ-૨૫(ગ) ની જોગવાઈઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) આ મંજૂરી ફક્ત પ્રતિબંધિત સત્તા પ્રકાર ના નિયંત્રણ પૂરતી જ આપવામાં આવે છે. એટલે કે, આ અંગે અન્ય કાયદાઓ/નિયમો/હુકમ મુજબ બીજી જે કોઇ મંજૂરીઓ નિયમોનુસાર લેવાની થતી હોઇ તો તે અલગથી લેવાની રહેશે.

(૪) પ્રશ્નવાળી જમીન પ્રતિબંધિત સત્તા પ્રકાર ના નિયંત્રણોમાંથી મુક્ત થઇ અરજદાર/ કબજેદાર આ જમીનના હેતુ સારૂ બિનખેતીનો ઉપયોગ માટે જુની શરતે ધારણ કરશે. ઔડાની સૂચિત નગર રચના યોજનાની કામચલાઉ દરખાસ્ત અંતિમ થયેથી ક્ષેત્રફળમાં ફેરફાર થાય તો તે પ્રમાણે બંધનકર્તા રહેશે. તેમજ જો ક્ષેત્રફળ વધુ મળશે તો તે મુજબ વધારાના ક્ષેત્રફળ માટે પ્રિમીયમની રકમ ભરપાઇ કરવાની રહેશે.

(૫) આ મંજુરી બાદ પ્રશ્નવાળી જમીન તબદીલીથી ધારણ કરનારને ગણોતધારાની જોગવાઇ હેઠળ ખેડૂત તરીકેનું સ્ટેટસ પ્રાપ્ત થશે નહી.

(૬) પ્રશ્નવાળી જમીન પૈકી બિનખેતીમાં ફેરવતા ખેતીના હેતુ માટે જો જમીન બાકી રહેતી હોય તો, આવી જમીન અંગે ગામ નમુના નંબર-૭/૧૨ માં તલાટીએ પ્રતિબંધિત સત્તા પ્રકાર ની અચૂક નોંધ કરવાની રહેશે. સબંધિત મહેસુલી અધિકારીશ્રીએ આવી નોંધ ચાલુ રહે છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૭) સવાલવાળી જમીનના ટાઇટલ અંગે અરજદારશ્રીની જવાબદારી રહેશે.

(૮) આ પરવાનગી સબંધે અરજદાર તથા તેઓના સકસેસટ ઇનટાઇટલરને ઉક્ત શરતો મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન કાયદા અને નિયમોની જોગવાઇઓ તથા હવે પછી બનાવવામાં આવે તે કાયદા તે નિયમોનુસાર વર્તવા બંધાયેલ છે.

(૯) ઉપરોક્ત કોઇ પણ શરતોનો ભંગ થયેથી તેમજ ગણોતધારા અન્વયેની આ પરવાનગી અંગેની અન્ય જોગવાઇઓનો ભંગ થયેથી આ જમીન અંગે ગણોતધારા અન્વયે શરતભંગની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૧૦) આ હુકમમાં કોઇ કારકુની/ગણીતીક ભૂલ કે જંત્રીની રકમ સંબંધે વિસંગતતા જણાઇ આવશે તો તે સુધારાને પાત્ર રહેશે તથા તે જમીનના ધારણકર્તા ને બંધનકર્તા રહેશે.

ઉપરોક્ત અ.નં. ૧ થી ૧૦ માં જણાવેલ શરતોનો ઉલ્લેખ ગા.ન.નં. ૬ ની નોંધમાં કરવાનો રહેશે.

હુકમની રેકર્ડમાં નોંધ કરવી.

રવાના કરવા માટે પ્રમાણિત

સહી/-
(ડૉ. વિક્રાંત પાંડે)
જિલ્લા કલેક્ટર, અમદાવાદ

જિલ્લા કલેક્ટર અમદાવાદ વતી

જીલ્લા કલેક્ટર * અમદાવાદ *

પ્રતિ,
શ્રી નબીનભાઇ નટવરલાલ વિગેરે વિગેરે,
રહે. ૨૩-બી, શિવસંકલ્પ સોસા.,
નારણપુરા ચાર રસ્તા, નારણપુરા,અમદાવાદ

નકલ રવાના :-

(૧) મામલતદારશ્રી, **વટવા,** તરફ જાણ તથા હુકમની શરતોની ગામ દફતરે નોંધ કરવા સારૂ.
(૨) અત્રેના એડીએમ દફતર તરફ
૨/- ૭/૧૨માં જરૂરી નોંધ કરવા સારૂ.
(૩) ઇ-ધારા કેન્દ્ર, **વટવા,** તરફ
(૪) સિલેક્ટ ફાઇલે.

Scanned by CamScanner